# **Section : C : Grammar** (20 Marks)

૧. અનુગ – નામયોગી(3 Marks)

**નીચેનાં વાકયોમાં ઘાટા અક્ષરવાળા અનુગોને સ્થાને નામયોગીઓ વાપરી વાકય ફરીથી લખો :**

[1] સાંજ પડતાં **ચૂલે** ખીચડી મૂકી દેતો.
જ. સાંજ પડતાં ચૂલા <u>ઉપર</u> ખીચડી મૂકી દેતો.
[2] એના **માથે** સફેદ પાટો બાંધ્યો.
જ. એના માથા <u>ઉપર</u> સફેદ પાટો બાંધ્યો.
[3] આ કામ **તારાથી** કરાતું નથી ?
જ. આ કામ તારા <u>તરફથી</u> કરાંતું નથી ?
[4] એક કલાક**માં** તો દૂર દૂર નીકળી ગયો.
જ. એક કલાકની <u>અંદર</u> તો એ દૂર દૂર નીકળી ગયો.
[5] કાનુ**ડે** વૃંદાવન**માં** વાંસળી વગાડી.
જ. કાનુડા <u>મારફત</u> વૃંદાવનની <u>અંદર</u> વાંસળી વગાડાઇ.
[6] અમે **ટેકરે** ચડીને જોતા હતા.
જ. અમે ટેકરા <u>ઉપર</u> ચડીને જોતા હતા.
[7] વિભા **રસોડામાં** ગઇ.
જ. વિભા રસોડાની <u>અંદર</u> ગઇ.
[8] રામુકાકા ખેતરની અંદર ગયા છે.
જ. રામુકાકા ખેતર <u>તરફ</u> ગયા છે.
[9] પક્ષી **ઝાડે** બેઠું
જ. પક્ષી ઝાડ <u>ઉપર</u> બેઠું.
[10] પિતાજી બજાર**માં** ગયા છે.
જ. પિતાજી બજાર <u>તરફ</u> ગયા છે.

**નીચેના વાકયોમાંથી નામયોગી શોધો :**

[1] મા દાતરડાની કમાઈ દ્વારા બાળકને ઉછેરે છે.
જ. દ્વારા
[2] તેમના મુખ ઉપર હાસ્ય રેલાતું.
જ. ઉપર
[3] છોકરાઓ ધાબા ઉપર ચડયા
જ. ઉપર
[4] સરકાર તરફથી સહાય આપવામાં આવે છે.
જ. તરફથી
[5] બાએ કબાટમાંથી કપડાં કાઢી આપ્યા.
જ. માંથી
[6] મહેશ ઝાડે લટકયો.
જ. એ
[7] બા બજારમાં ગઇ.
જ. માં

[8] દીપાએ મીનાને બોલાવી.
જ. એ, ને
[9] મારાથી જૂઠું બોલાઈ ગયું.
જ. થી
[10] વિનયના પગરખાં ખોવાઈ ગયા.
જ. નાં
[11] ખેલાડીઓ રમતના મેદાન તરફ ગયા છે.
જ. તરફ
[12] ગિરીશ ધાબા પરથી પડયો.
જ. પરથી
[13] મનોજ પાસે સાઈકલ નથી.
જ. પાસે
[14] ભોંયરાની અંદર પાણી ભરાયા.
જ. અંદર
[15] મારા ઘર નજીક અકસ્માત થયો.
જ. નજીક
[16] ગોપીએ કનૈયાને માખણ ખવડાવ્યું.
જ. એ, ને
[17] બા મંદિરમાં દર્શન કરવા ગઈ છે.
જ. માં
[18] તમારાથી અસત્ય ન બોલાય.
જ. થી
[19] બાળકના હોઠ ધ્રુજવા લાગ્યા.
જ. ના

## ૨. એક વચન બહુ વચન(3 Marks)

**નીચેના વાક્યોમાં વચન બદલો :**
[1] આ ગુલાબનું ફૂલ કેવું સુંદર લાગે છે !
જ. આ ગુલાબના ફૂલો કેવા સુંદર લાગે છે ?
[2] તેના બધા દાંત પડી ગયા છે.
જ. તેનો એક દાંત પડી ગયો છે.
[3] તમારા દીકરાને ભણાવવાની શકિત મારામાં છે.
જ. તમારા દીકરાઓને ભણાવવાની શકિત મારામાં છે.
[4] વાંદરો ઝાડ પર કૂદાકૂદ કરતો હતો.
જ. વાંદરાઓ ઝાડ પર કૂદાકૂદ કરતા હતા.
[5] પેલું છોકરું અનાથ છે.
જ. પેલાં છોકરાઓ અનાથ છે.
[6] નળિયું ખસી ગયુ હતુ.
જ. નળિયા ખસી ગયા હતાં.
[7] મારી બહેન બહું સુંદર છે.

જ. મારી બહેનો બહું સુંદર છે.
[8] અહિંથી ઘણાં રસ્તા ફંટાય છે.
જ. અહિંથી એક રસ્તો ફંટાય છે.
[9] રૂમમાં એક મોટું બારણું હશે.
જ. રૂમમાં ઘણાં મોટા બારણા હશે.
[10] એના ઓરડાની બારી બંધ હતી.
જ. એના ઓરડાની બારીઓ બંધ હતી.
[11] બધી બારીઓ બંધ કરી દો.
જ. એક બારી બંધ કરી દો.
[12] ચકી લાવી ચોખાનો દાણો, ચકો લાવ્યો દાળનો દાણો.
જ. ચકી લાવી ચોખાના દાણા, ચકો લાવ્યો દાળના દાણા.
[13] એમાં એકેય શબ્દ પ્રેમનો ન હતો.
જ. એમાં ઘણાં શબ્દો પ્રેમના ન હતા.
[14] ભજિયા પણ પીરસાઈ ગયા.
જ. ભજિયું પણ પરીસાઈ ગયું.

## ૩. રૂઢિપ્રયોગ(3 Marks)

**નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખી વાકયમાં પ્રયોગ કરો :**

[1] **ગૂંચ ઉકેલવી**

અર્થ : મુશ્કેલી દૂર કરવી

વાકયમાં પ્રયોગ : પાણીની ગૂંચ કેમ ઉકેલવી એનો વિચાર કરવા ગામના લોકો ભેગા થયા.

[2] **ભાર હળવો કરવો**

અર્થ : ચિંતામુકત થવું

વાકયમાં પ્રયોગ : જે કહેવું હોય તે કહી દો, તમારા મનનો ભાર હળવો થશે.

[3] **ખપ પડવો**

અર્થ :જરૂર પડવી

વાકયમાં પ્રયોગ : ખપ પડે ત્યારે કામમાં આવે એ સાચો મિત્ર.

[4] **મસલત કરવી**

અર્થ : ચર્ચાવિચારણા કરવી

વાકયમાં પ્રયોગ : આપણી ઘણી સમસ્યાઓ મસલત કરવાથી દૂર થઈ જાય છે.

[5] **ગદ્ધામજૂરી કરવી**

અર્થ :સખત મજૂરી કરવી

વાકયમાં પ્રયોગ : તું નકામી ગદ્ધામજૂરી કરે છે.

[6] **ઓછું આવવું**

અર્થ :ખોટું લાગવું

વાકયમાં પ્રયોગ : માસીને તો વાતવાતમાં ઓછું આવે છે.

[7] **રોષે ભરાવું**

અર્થ :ગુસ્સે થવું

વાકયમાં પ્રયોગ : મેનેજર આળસુ મજૂરો પર રોષે ભરાયા.

[8] **ટીકીટીકીને જોવું**

અર્થ :એક નજરે જોવું

વાકયમાં પ્રયોગ :તમે મને આમ ટીકીટીકીને કેમ જૂઓ છો ?

[9] **નાકલીટી ખેંચવી**

અર્થ :શરણે જવું

વાકયમાં પ્રયોગ : ભગવાન પાસે નાકલીટી ખેંચવી એમાં કંઈ ખોટું નથી.

[10] **ભોંઠા પડવું**

અર્થ :શરમાવા જેવું થવું

વાકયમાં પ્રયોગ : એવા કામ ન કરો કે જેથી ભોઠા પડવુ પડે.

[11] **ભવાં ચડી જવાં**

અર્થ :ગુસ્સે થવું

વાકયમાં પ્રયોગ : કારેલાનું શાક જોઈને જ એમના ભવા ચડી ગયા.

[12] **ઘણી ગોળીનાં પાણી પીવાં**

અર્થ : જાતજાતના અનુભવ થવા

વાકયમાં પ્રયોગ : મને નવોસવો ન સમજતા, મે ઘણી ગોળીના પાણી પીધા છે.

[13] **મોકળા મને વાત કરવી**

અર્થ :ખુલ્લા દિલથી વાત કરવી

વાકયમાં પ્રયોગ :મહેશે એના મિત્ર પાસે મોકળા મને વાત કરી.

[14] **પ્રકાશ પાથરવો**

અર્થ :સમજ આપવી

વાકયમાં પ્રયોગ : સ્વામીજીએ ભક્તોના જીવનમાં પ્રકાશ પાથર્યો.

[15] **આળસ ખંખેરવી**

અર્થ :આળસ દૂર કરવી

વાકયમાં પ્રયોગ : હવે તો આળસ ખંખેરો, પરીક્ષા નજીક આવી.

[16] **જીવની જેમ જાળવવું**

અર્થ :અત્યંત કાળજી રાખવી

વાકયમાં પ્રયોગ : મારા મિત્રએ આપેલી ભેટને હું જીવની જેમ જાળવું છું.

[17] **ઓછા – ઓછા થઈ જવું.**

અર્થ :હર્ષથી તરબોળ થઈ જવું

વાકયમાં પ્રયોગ : પ્રવાસમાં જવાની વાત સાંભળીને આનંદી ઓછા – ઓછા થવા લાગી.

[18] **મોંમા પાણી આવવું**

અર્થ :કંઈક મેળવવા ખૂબ જ ઈચ્છા થવી

વાકયમાં પ્રયોગ : ઉંદરને જોઈને બિલાડીના મોંમા પાણી આવી ગયું.

[19] **અખાડા કરવા**

અર્થ :બહાના કાઢવા

વાકયમાં પ્રયોગ : તમે એક મહિનાથી અખાડા કરો છો પણ માલ મોકલતા નથી.

[20] **નાકે દમ આવવો**

અર્થ :બહું હેરાન કરવું

વાકયમાં પ્રયોગ : અમારા પાડોશીએ તો અમને નાકે દમ લાવી દીધો છે.

[21] **ધૂળ કાઢી નાખવી**

અર્થ :ખૂબ ઠપકો આપવો

વાકયમાં પ્રયોગ : શાકમાં મીઠું નાખતા ભુલાઇ ગયુ તેથી સાસુએ વહુની ધૂળ કાઢી નાખી.

[22] **હોઠ કરડવા**

અર્થ :ગુસ્સે થવું

વાકયમાં પ્રયોગ : વહુએ કામ ન કર્યુ એટલે સાસુએ હોઠ કરડયા.

[23] **નાક કાઢવું**

અર્થ :આબરૂ મેળવવી

વાકયમાં પ્રયોગ :ડૉકટર બનીને દીકરાએ બાપનું નાક કાઢયું.

[24] **મોં ઉતરી જવું**

અર્થ :નિરાશ થવું

વાકયમાં પ્રયોગ : પપ્પાએ બધાની સામે ગુસ્સો કર્યો એટલે શિવાનીનું મોં ઉતરી ગયું.

[25] **માથું મારવું**

અર્થ :દખલગીરી કરવી

વાકયમાં પ્રયોગ :તમારે મારી વાતમાં માથું મારવું નહિ.

[26] **ઈડરિયો ગઢ જીતવો**

અર્થ : ખૂબ મોટું કામ કરવું

વાકયમાં પ્રયોગ : તમને પચાસ ટકા આવ્યા એમાં તે વળી કયો ઈડરિયો ગઢ જીતી લીધો ?

[27] **એકના બે ન થવું**

અર્થ :પોતાની વાતમાં મક્કમ રહેવું

વાકયમાં પ્રયોગ : મે મારા મિત્રને ખૂબ સમજાવ્યો પણ એ એકનો બે ન થયો.

[28] **ઘામોટું કરવું**

અર્થ :ગોરપદું કરવું

**વાકયમાં પ્રયોગ : રસિકભાઇ ઘામોટું કરી ગુજરાન ચલાવે છે.**

[29] **મોં ફેરવી લેવું**

અર્થ :રિસાવું

**વાકયમાં પ્રયોગ : ઝઘડો થયા પછી બંને મિત્રો એકબીજાને જોઇને મોં ફેરવી લે છે.**

[30] **જીભ કરડીને ષરી જવું**

અર્થ :આપઘાત કરવો

**વાકયમાં પ્રયોગ : પરીક્ષામાં નાપાસ થવાથી મોહન જીભ કરડીને મરી ગયો.**

[31] **મુખ સિવાઈ જવું**

અર્થ :કંઈ જ ન બોલવું

**વાકયમાં પ્રયોગ : પ્રવિણાબહેનની ચોરી પકડાઇ જતાં તેમનું મુખ સિવાઈ ગયું.**

[32] **પાંખ ફૂટવી**

અર્થ :ઉત્સાહ થવો

**વાકયમાં પ્રયોગ : વિમાનમાં બેસવાની વાત સાંભળીને હિતશને જાણે પાંખો ફૂટી.**

[33] **દીવા જેવું દેખાવું**

અર્થ :સ્પષ્ટ દેખાવું

**વાકયમાં પ્રયોગ : ચશ્મા પહેર્યા પછી ડોશીને દીવા જેવું દેખાવા લાગ્યું.**

## ૪. વાકય સુધાર(3 Marks)

**નીચેના વાકયો સુધારીને લાખો :**

[1] કબાટથી કપડાં રાખ્યા છે.

જ. કબાટમાં કપડાં રાખ્યા છે.

[2] કાલેલકર મહારાષ્ટ્રના લેખક હતું.

જ. કાલેલકર મહારાષ્ટ્રના લેખક હતા.

[3] વાર્ષિક પરીક્ષામાં એંશી ટકાને અક્ષય આવશે.

જ. વાર્ષિક પરીક્ષામાં અક્ષયને એંશી ટકા આવશે.

[4] મારી ગાડીની માંથી ઉતરો.

જ. મારી ગાડીમાંથી ઉતરો.

[5] કોનું માથું દુઃખનું છે ?

જ. કોનું માથું દુખે છે ?

[6] તેને વાંચવાનું ગમતું નથી છે.

જ. તેને વાંચવાનું ગમતું નથી. <u>અથવા</u> તેને વાંચવાનું ગમે છે.

[7] તે અહીં આવી શકયો ન હતી.

જ. તે અહીં આવી શકયો ન હતો. <u>અથવા</u> તે અહીં આવી શકી ન હતી.

[8] તું ત્યાં આવી શકાશે અને બોલી શકાશે ?

જ. તું ત્યાં આવી શકશે અને બોલી શકશે.

[9] મેં તમારી વાત આંભવી.

જ. મેં તમારી વાત સાંભળી.

[10] બિલાડી બાગ રમે છે.

જ. બિલાડી બાગમાં રમે છે.

[11] છોકરાએ પુસ્તકને ફાડી નાંખી પછી નીચે ફેંકીને આવી.

જ. છોકરાએ પુસ્તક ફાડી નાખ્યું પછી નીચે ફેકી આવ્યો.

[12] આકાશમાંથી ઘનઘોર વાદળાં છવાયાં છે.

જ. આકાશમાં ઘનઘોર વાદળાં છવાયાં છે.

[13] મારો ખમીસ મૂકી દે.

જ. મારું ખમીસ મૂકી દે.

[14] મારો નામ હિમ્મતલાલ છે.

જ. મારું નામ હિમ્મતલાલ છે.

[15] બાળકો ક્રિકેટ રમતાં છે.

જ. બાળકો ક્રિકેટ રમે છે.

[16] બગીચાથી પતંગિયા ઊડાઊડ કરે છે.

જ. બગીચામાં પતંગિયા ઊડાઊડ કરે છે.

[17] પુસ્તકવિક્રેતાથી મે ઓર્ડર લખ્યો છે.

જ. પુસ્તકવિક્રેતાને મે ઓર્ડર લખ્યો છે.

[18] તે કુહાડીમાં લાકડાં કાપે છે.

જ. તે કુહાડીથી લાકડાં કાપે છે.

[19] રામના પુત્રનું નામ લવ – કુશ હતું.

જ. રામના પુત્રોનું નામ લવ અને કુશ હતું.

[20] આ સોફાની કવર ફાટી ગઈ છે.

જ. આ સોફાનું કવર ફાટી ગયું છે.

[21] આકાશમાંથી તારા ઝબૂકવા લાગ્યા.

જ. આકાશમાં તારા ઝબૂકવા લાગ્યા.

[22] તારો પાર્સલ આવી ગયો છે.

જ. તારું પાર્સલ આવી ગયું છે.

[23] કાબરીના એક રૂવાડાય ફરકયા નહિ.

જ. કાબરીનો એક રૂવાડોય ફરકયો નહિ.

[24] હાથી લાલ આંખો વડે નગરજનો નિહાળી રહ્યા હતા.

જ. હાથી લાલ આંખો વડે નગરજનોને નિહાળી રહ્યો હતો.

[25] મારૂં નામ તો છાપા ચડયું જ હતું.

જ. મારૂં નામ તો છાપે ચડયું જ હતું.

[26] આ બધું હિંસાના લક્ષણ છે.

જ. આ બધા હિંસાના લક્ષણો છે.

[27] ઝાડમાંથી ફૂલ ખરી પડયું.

જ. ઝાડ ઉપરથી ફૂલ ખરી પડયું.

[28] દરવાજાથી તાળું મારી દેજો.

જ દરવાજાને તાળું મારી દેજો. <u>અથવા</u> દરવાજે તાળું મારી દેજો.

[29] રસોડા પર ચાર બારી છે.

જ. રસોડાને ચાર બારી છે.

[30] પંખી આકાશથી ઊડતું હતું.

જ. પંખી આકાશમાં ઊડતું હતું.

[31] કબાટનું પેટી મૂકી દે.

જ. પેટીને કબાટમાં મૂકી દે.

[32] મીરાંની પ્રભુનું નામ કૃષ્ણ હતું.

જ. મીરાંના પ્રભુનું નામ કૃષ્ણ હતું.

[33] શ્રીકૃષ્ણ સુદામાનું મિત્ર હતા.

જ. શ્રીકૃષ્ણ સુદામાના મિત્ર હતા.

[34] પુલ ઉપર બસ  પડી ગઇ.

જ. પુલ ઉપરથી બસ  પડી ગઇ.

[35] ઝાડની નીચે વાંદરો ચડી ગયો.

જ. ઝાડની ઉપર વાંદરો ચડી ગયો.

[36] ગુજરાતીની પેપર તો બહુ અઘરું હતી.

જ. ગુજરાતીનું પેપર તો બહુ અઘરું હતું.

[37] મીરાં આવતો હતો.

જ. મીરાં આવતી હતી.

[38] વિનોદે રમત રમતું હતું.

જ. વિનોદ રમત રમતો હતો.

[39] નીચેના વાકયોની કાળ બદલાવો.

જ. નીચેના વાકયોનો કાળ બદલાવો.

[40] તું મને બહુ ગમતો છે.

જ. તું મને બહુ ગમે છે.

[41] રામનું પત્નીના નામ સીતા હતું.

જ. રામની પત્નીનું નામ સીતા હતું.

[42] આ કુવામાંથી પાણી નથી.

જ. આ કુવામાં પાણી નથી.

[43] આ શાક ચાકુમાં સુધારી નાંખો.

જ. આ શાક ચાકુથી સુધારી નાંખો. અથવા  આ શાક ચાકુ વડે સુધારી નાંખો.

[44] દોરીમાં હાથ – પગ બાંધી લો.

જ. દોરીથી હાથ – પગ બાંધી લો.

[45] મારી ગાય ઘણો દૂધ આપે છે.

જ. મારી ગાય ઘણું દૂધ આપે છે.

[46] વિદ્યાર્થીઓ અશાંત હતું.

જ. વિદ્યાર્થીઓ અશાંત હતા.

[47] હું રવિવારે કયાંક જતો છું.

જ. હું રવિવારે કયાંક જાઉ છું.

[48] પૂનમની રાત્રે સૂરજ પ્રકાશે છે.

જ. પૂનમની રાત્રે ચંદ્ર પ્રકાશે છે.

[49] પુસ્તકો ટેબલ નીચે મૂકી દો.

જ. પુસ્તકો ટેબલ ઉપર મૂકી દો.

[50] તારો પિતાજીનું નામ શું છે ?

જ. તારા પિતાજીનું નામ શું છે ?

[51] મેં ખુરશીઓ ગોઠવી દીધું છે.

જ. મેં ખુરશીઓ ગોઠવી દીધી છે.

[52] ન્યુટનથી ઝાડ પરથી ફળ નીચે પડતાં જોયું.

જ. ન્યુટને ઝાડ પરથી ફળને નીચે પડતાં જોયું. <u>અથવા</u> ન્યુટનથી ફળને ઝાડ પરથી નીચે પડતા જોવાયું.

[53] રાજા ભોજ બહુ સારું રાજા હતો.

જ. રાજા ભોજ બહુ સારો રાજા હતો.

[54] કુવાથી હોય તો હવાડામાં આવે.

જ. કુવામાં હોય તો હવાડામાં આવે.

[55] ગીરના જંગલમાં ઘણી સિંહો મૃત્યુ પામી છે.

જ. ગીરના જંગલમાં ઘણા સિંહો મૃત્યુ પામ્યા છે.

[56] તેની દુષ્ટતાનું હદ નથી રહી.

જ. તેની દુષ્ટતાની હદ નથી રહી.

[57] આજના સ્ત્રીઓ પુરૂષ – સમોવડી હોય છે.

જ. આજની સ્ત્રીઓ પુરૂષ – સમોવડી હોય છે.

[58] અમરતકાકી મંગુના નાતમાં ભળી ગયું.

જ. અમરતકાકી મંગુની નાતમાં ભળી ગયા.

[59] ધીરજલાલથી ધીરજ ગુમાવી.

જ. ધીરજલાલે ધીરજ ગુમાવી.

[60] મારું ચપ્પલ ખોવાઈ ગયાં છે.

જ. મારા ચપ્પલ ખોવાઈ ગયાં છે.

[61] થાળીમાંથી લાડુંની ઉપાડી લો.

જ. થાળીમાંથી લાડું ઉપાડી લો.

[62] હવામાં ઝાડ – પાન હલી ઊઠી.

જ. હવાથી ઝાડ – પાન હલી ઉઠયા.

[63] મીરાંની કૃષ્ણભકત હતી.

જ. મીરાં કૃષ્ણભકત હતી.

[64] કૃષ્ણને મીરાંને દર્શન આપી.

જ. કૃષ્ણએ મીરાંને દર્શન આપ્યા.

[65] સુરેશ તમે કેમ રોજ મોડે આવું છો ?

જ સુરેશ, તું કેમ રોજ મોડો આવે છે ? અથવા સુરેશ, તમે કેમ રોજ મોડા આવો છો ?

[66] મનોજ કુંડુંને રંગે કરે છે.

જ. મનોજ કુંડું રંગે કરે છે. <u>અથવા</u> મનોજ કુંડાને રંગે છે.

[67] હું તો રોજ આવતો છું.

જ. હું તો રોજ આવું છું.

[68] તમોને હુંએ શું કહેવું ?

જ. તમને મારે શું કહેવું ?

[69] તળાવના પાળે ઘણાં પક્ષી હોઈ છે.

જ. તળાવની પાળે ઘણાં પક્ષી હોય છે.

[70] કાગડો ભસે છે, કૂતરો કા – કા કરે છે.

જ. કૂતરો ભસે છે, કાગડો કા – કા કરે છે.

## ૫. કહેવતો (3 Marks)

**નીચેની કહેવતોના અર્થ સમજાવો :**

[1] કોલસાની દલાલીમાં હાથ કાળા.

જ. દુર્જન સાથે કામ પડવાથી કલંક લાગે છે.

[2] એક સાંધીએ ત્યાં તેર તૂટે :

જ. એક મુશ્કેલીમાંથી માંડ માંડ બહાર આવીએ ત્યાં બીજી અનેક મુશ્કેલીઓ આવી પડે.

[3] ભાંગ્યુ તોય ભરૂચ.

જ. પડતીમાં હોવા છતાં આબરૂ જાળવવાની શકિત ધરાવવી

[4] સંતોષી નર સદા સુખી.

જ. જે માણસ પોતાની પાસે જે હોય તેનાથી સંતોષ માને અને લોભ કરતો નથી તે વ્યકિત જ હંમેશા સુખી રહે છે.

[5] મોરના ઈંડા ચિતરવાં ન પડે.

જ. પ્રતિભાશાળી વ્યકિતનાં સંતાનો પ્રતિભાશાળી જ હોય છે.

[6] મોલ કરો તલવાર કા પડા રહેન દો મ્યાન.

જ. વ્યકિત કે વસ્તુની ઉપયોગિતાને સમજો, તેના બાહ્ય દેખાવને નહિ.

[7] પાકા ઘડે કાંઠા ન ચડે.

જ. મોટી ઉંમરે કંઇ નવું શીખી શકાતું નથી.

[8] મન હોય તો માળવે જવાય

જ. ઈચ્છાશકિત પ્રબળ હોય તો સિદ્ધિ મળે જ.

## ૬. સંધી(3 Marks)

**નીચેના શબ્દોની સંધિ છોડો :**

| **ક્રમ** | **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|---|
| 1 | લાભાલાભ = | લાભ + અલાભ |
| 2 | હિમાલય = | હિમ + આલાય |
| 3 | તલ્લીન = | તત્ + લીન |
| 4 | મનોરથ = | મનસ્ + રથ |
| 5 | સદૈવ = | સદા + એવ |
| 6 | યોગેશ = | યોગ + ઈશ |
| 7 | **સિન્ધૂર્મિ =** | **સિંધુ + ઊર્મિ** |
| 8 | હિમાચ્છાદિત = | હિમ + આચ્છાદિત |
| 9 | વ્યાખ્યાન = | વિ + આખ્યાન |
| 10 | વૃદ્ધાવસ્થા = | વૃદ્ધ + અવસ્થા |
| 11 | **પરીક્ષા =** | **પરિ + ઈક્ષા** |
| 12 | વિદ્યાલય = | વિદ્યા + આલય |
| 13 | ચિન્તાતુર = | ચિન્તા + આતુર |
| 14 | વર્તુળાકાર = | વર્તુળ + આકાર |
| 15 | ઉન્નત = | ઉદ્ + નત |
| 16 | નિષ્ફળ = | નિસ્ + ફળ |
| 17 | **ગિરીશ =** | **ગિરિ + ઈશ** |
| 18 | એકાન્ત = | એક + અન્ત |

| | | |
|---|---|---|
| 19 | **અવનીશ** = | **અવનિ + ઈશ** |
| 20 | વિષાદ = | વિ + સાદ |
| 21 | તપશ્ચર્યા = | તપસ્ + ચર્યા |
| 22 | પુરુષોત્તમ = | પુરુષ + ઉત્તમ |
| 23 | વિવેકાનન્દ = | વિવેક + આનન્દ |
| 24 | વિદ્યાભ્યાસ = | વિદ્યા + અભ્યાસ |
| 25 | સજ્જન = | સત્ + જન |
| 26 | ભાવાવેશ = | ભાવ + આવેશ |
| 27 | પ્રેમામૃત = | પ્રેમ + અમૃત |
| 28 | નિશ્ચય = | નિસ્ + ચય |
| 29 | સંતોષ = | સમ્ + તોષ |
| 30 | નિરભ્ર = | નિઃ + અભ્ર |
| 31 | ભારોચ્ચાર = | ભાર + ઉચ્ચાર |
| 32 | નિર્ગુણિયા = | નિસ્ + ગુણિયા |
| 33 | નિસ્તબ્ધ = | નિઃ + સ્તબ્ધ |
| 34 | ઈત્યાદિ = | ઈતિ + આદિ |
| 35 | સવાશ્રય = | સ્વ + આશ્રય |
| 36 | ઉત્કંઠા = | ઉદ્ + કંઠા |
| 37 | કૃતાર્થ = | કૃત + અર્થ |
| 38 | સ્વચ્છ = | સુ + અચ્છ |
| 39 | એકાગ્ર = | એક + અગ્ર |
| 40 | શીર્ષાસન = | શીર્ષ + આસન |
| 41 | દુર્ભાગ્ય = | દુસ્ + ભાગ્ય |
| 42 | દુર્જન = | દુસ્ + જન |
| 43 | વ્યસ્ત = | વિ + અસ્ત |
| 44 | વાચ્યાર્થ = | વાચ્ય + અર્થ |
| 45 | વિદ્યાર્થી = | વિદ્યા + અર્થી |
| 46 | **પ્રણામ** = | **પ્ર + નામ** |
| 47 | ચિરાયુ = | ચિર્ + આયુ |

**નીચેની સંધિ કરો :**

| **ક્રમ** | **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|---|
| 1 | મહા + ઈશ = | મહેશ |
| 2 | **રવિ + ઈન્દ્ર =** | **રવીન્દ્ર** |
| 3 | દેહ + અભિમાન = | દેહાભિમાન |
| 4 | તથા + અપિ = | તથાપિ |
| 5 | **કવિ + ઈશ્વર =** | **કવીશ્વર** |
| 6 | દેવી + ઇચ્છા = | દેવીચ્છા |
| 7 | રજની + ઈશ = | રજનીશ |
| 8 | સુ + ઉક્તિ = | સૂક્તિ |
| 9 | ઉપ + ઈન્દ્ર = | ઉપેન્દ્ર |
| 10 | જ્ઞાન + ઈશ્વર = | જ્ઞાનેશ્વર |
| 11 | યથા + ઈષ્ટ = | યથેષ્ટ |
| 12 | રમા + ઈશ = | રમેશ |
| 13 | હિત + એષી = | હિતૈષી |
| 14 | અતિ + અન્ત = | અત્યન્ત |
| 15 | પ્રતિ + એક = | પ્રત્યેક |
| 16 | જગત્ + નાથ = | જગન્નાથ |
| 17 | દુસ + આચાર = | દુરાચાર |
| 18 | વિ + સમ = | વિષમ |
| 19 | નિસ્ + તેજ = | નિસ્તેજ |
| 20 | **ધનુસ + ટંકાર =** | **ધનુષ્ટંકાર** |
| 21 | **દુસ + કાળ =** | **દુષ્કાળ** |
| 22 | સમ્ + સાર = | સંસાર |
| 23 | વિ + અવહાર = | વ્યવહાર |
| 24 | મધ્ય + અહન = | મધ્યાહ્ન |
| 25 | પ્રેમ + આનંદ = | પ્રેમાનંદ |
| 26 | પુસ્તક + આલય = | પુસ્તકાલય |
| 27 | ઉદ્ + જડ = | ઉજ્જડ |
| 28 | સરસ્ + વર = | સરોવર |

| | | |
|---|---|---|
| 29 | દુસ + ઉપયોગ = | દુરુપયોગ |
| 30 | નિસ્ + આધાર = | નિરાધાર |
| 31 | નિસ્ + ધન = | નિર્ધન |
| 32 | વિ + સમ = | વિષમ |

*ઘાટા(બોલ્ડ) અક્ષરે છપાયેલ શબ્દોની સંધીમાં 'હ્રસ્વ – દીર્ઘ ' તેમ જ 'સ – ષ'માં ફેરફાર થાય છે એ બાબતે વિદ્યાર્થીઓએ ખાસ ધ્યાન આપવું.*

## ૭. શબ્દસમૂહ(2 Marks)

**નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

| **ક્રમ** | **શબ્દસમૂહ** | **જવાબ** |
|---|---|---|
| 1 | વાણીનો પ્રવાહ | **વાગ્ધારા** |
| 2 | આંસુનો પ્રવાહ | **અશ્રુધારા** |
| 3 | ગળામાં પહેરવાની ચેઈન | **અછોડો** |
| 4 | શહેરની બહારનો વસવાટ | **પરું** |
| 5 | સોદાના સાટા પેટે અગાઉથી અપાયેલું નાણું | **બાનું** |
| 6 | ઘોડાના પગે જડવામાં આવતી લોખંડની જાડી પટ્ટી | **નાળ** |
| 7 | નાકમાંથી ઉચ્ચારાતું | **અનુનાસિક** |
| 8 | કોઈ એક શબ્દ પર ભાર દઈને ઉચ્ચાર કરવો તે | **ભારોચ્ચાર** |
| 9 | જાણવાની ઈચ્છા | **જિજ્ઞાસા** |
| 10 | મન બીજે ઠેકાણે ગયેલું હોય એવું | **અન્યમનસ્ક** |
| 11 | સિદ્ધિઓ મેળવી હોય તેવો યોગી | **સિદ્ધપુરુષ** |
| 12 | લાંબી આવરદાવાળું | **ચિરાયુ** |
| 13 | ફાટયાંતૂટયાં વસ્ત્રવાળું | **ચીંથરેહાલ** |
| 14 | સાથ – સંગાથ વગરનું | **સંગનિઃસંગ** |
| 15 | નદીનાળામાં નવાં પાણીનું જોસબંધ આવવું તે | **પૂર** |
| 16 | કૌરવ – પાંડવો વચ્ચે યુદ્ધ થયું હતું તે સ્થળ | **કુરુક્ષેત્ર** |
| 17 | સાપ જેવાં વળાંકવાળું | **સર્પિલ** |
| 18 | સમુદ્રમાં એક જાતનાં જીવડાંએ બનાવેલું ઘર | **પરવાળું** |
| 19 | ઉપરથી નીચે પડતી પાણીની ધાર | **દદૂડો** |
| 20 | ધૂળને લીધે ઝાંખું થવું | **રજોટવું** |

| | | |
|---|---|---|
| 21 | વાંસ કે લાકડાંનું બનાવેલું પાણીમાં તરનારું સાધન | **તરાપો** |
| 22 | ન અડકાય એવું | **અસ્પૃશ્ય** |

ધ્યાનમાં રહે :

ધોરણ દસના ગુજરાતી વિષય માટે સી.બી.એસ.ઇ.એ વર્ષ ૨૦૧૩ – ૧૪ માટેના સત્તાવાર રીતે બહાર પાડેલા પ્રશ્નપત્રના માળખા મુજબ વ્યાકરણ વિભાગના બધા જ પ્રશ્નો M.C.Q. પદ્ધતિથી પૂછાવા જોઇએ. પરંતુ આવુ બનતુ નથી. ગયા વર્ષના પ્રશ્નપત્રના માળખામાં વ્યાકરણ વિભાગના બધા જ પ્રશ્નો M.C.Q ટાઇપ હશે એવું દર્શાવાયુ હોવા છતાં બોર્ડના પ્રશ્નપત્રમાં M.C.Q. ટાઇપ પ્રશ્નો પૂછાયા ન હતા. આ બાબતે મે બોર્ડ સાથે પત્રવ્યવહાર કરીને લાંબી લડત ચલાવી હતી અને બોર્ડે મારી ક્વેરીને કંસીડર કરીને વિદ્યાર્થીઓને પરિણામ જાહેર કર્યા પહેલા યોગ્ય ન્યાય આપ્યો હતો. જોકે સાવચેતીના પગલા રૂપે શિક્ષકોએ વિદ્યાર્થીઓને અને M.C.Q. ટાઇપ અને વગર M.C.Q. ટાઇપ એમ બન્ને રીતે મહાવરો કરાવવાનું ઠીક રહેશે. શિક્ષકો/વિદ્યાર્થીઓ તરફથી સલાહસૂચનો કે પૂછપરછ આવકાર્ય.

*નોંધ : (૧) વિદ્યાર્થીઓ અને શિક્ષકો તરફથી પૂછપરછ અને સૂચનો આવકાર્ય.*

*(૨) એક અન્ય સેમ્પલ પેપર અને સેકસન 'સી'(વ્યાકરણ વિભાગ) માટેના નમુનાના પ્રશ્નો(જવાબ સાથે ) આ જ વેબ સાઇટ ઉપર અલગથી મુકવામાં આવ્યા છે.*

*–દિદાર હેમાણી*

Contact : 09975 11297 Email IDs : hemanideedar3@gmail.com deedardilwala@yahoo.com